# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 04-10-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. યુક્રેને ભારતના પ્રસ્તાવને રશિયા સાથે સંભવિત યુદ્ધવિરામ માટેના સૌથી અસરકારક પ્રસ્તાવ ગણાવ્યો.
2. લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ અનેક સંસદીય સમિતિઓની પુનઃરચના કરી
3. પશ્ચિમ બંગાળમાં નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા પેટાચૂંટણી માટે પ્રચાર પડઘમ આજે સાંજે શાંત થશે.
4. અમેરિકામાં, ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત વિકસિત ભારત યુનિટી રન માટે મોટી સંખ્યામાં લોકો જોડાયા
5. યમને સાદાના હુથી-નિયંત્રિત સના અને વિસ્તારો પર હુમલાઓની પુષ્ટિ કરી
6. ભારતની રમતવીરોના શાનદાર પ્રદર્શન સાથે આજે એશિયન ગેમ્સનું સમાપન - શૂટિંગ સ્ટાર નીરુ ઢાંડા ભારતની ધ્વજવાહક બનશે.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# INDIA - UKRAINE CEASEFIRE PROPOSAL

યુક્રેને રશિયા સાથે સંભવિત યુદ્ધવિરામ માટેના ભારતના પ્રસ્તાવને કિવ દ્વારા મળેલી ચાર ઓફરોમાં સૌથી વ્યાપક અને  અસરકારક ગણાવ્યો છે, જેમાં યુક્રેનિયન વિદેશ મંત્રી એન્ડ્રી સિબિહાએ કહ્યું છે કે, યુક્રેન ઉર્જા માળખાગત સુવિધાઓ અને કાળા સમુદ્રને આવરી લેતા યુદ્ધવિરામ પર વિચાર કરવા તૈયાર છે.

રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંઘર્ષના પરસ્પર સ્વીકાર્ય સમાધાન સુધી પહોંચવા માટે રચનાત્મક વિચારો રજૂ કર્યા છે તેના એક દિવસ પછી સિબિહાની ટિપ્પણી આવી છે.

સિબિહાના જણાવ્યા મુજબ, યુક્રેનને ભારત, તુર્કી, ઇજિપ્ત અને અમેરિકા તરફથી યુદ્ધવિરામ પ્રસ્તાવો મળ્યા છે. તેમણે કહ્યું હતું કે કિવ યુદ્ધવિરામ માટે વિવિધ સ્વરૂપો પર વિચાર કરવા માટે તૈયાર છે, પરંતુ કોઈપણ કરાર યુદ્ધભૂમિ કામગીરીથી આગળ વધવો જોઈએ જેમાં ઊર્જા અને બંદર માળખાગત સુવિધાઓ પર હુમલાઓ તેમજ કાળા સમુદ્રમાં પ્રવૃત્તિનો સમાવેશ થાય છે.

અગાઉ, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું હતું કે રશિયા સંઘર્ષના સમાધાનને પ્રોત્સાહન આપવાના ભારતના પ્રયાસોનું સ્વાગત કરશે, તેમણે ઉમેર્યું હતું કે મોસ્કોનું વલણ નવી દિલ્હીના સંવાદ અને રાજદ્વારી પર ભાર સાથે સુસંગત છે.

# PARLIAMENT COMMITTEES

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ અનેક સંસદીય સમિતિઓની પુનઃરચના કરી છે અને નવા અધ્યક્ષોની નિમણૂક કરી છે. ભાજપ સાંસદ ભર્તૃહરિ મહતાબને નાણાં સમિતિના અધ્યક્ષ  બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસના સાંસદ શશિ થરૂર વિદેશ બાબતોની સમિતિની અધ્યક્ષતા કરશે. ભાજપ સાંસદ સુધીર ગુપ્તા રેલવે સમિતિ, ડો.કાકોલી ઘોષ દસ્તીદારને રસાયણ અને ખાતર સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરાયા છે.

કોંગ્રેસના સાંસદ ચરણજીત સિંહ ચન્ની કૃષિ, પશુપાલન અને ફૂડ પ્રોસેસિંગ સમિતિ, ભાજપના સાંસદ રાધા મોહન સિંહ સંરક્ષણ સમિતિ, રાજીવ પ્રતાપ રૂડી જળ સંસાધન સમિતિ જ્યારે કોંગ્રેસના સાંસદ સપ્તગિરી ઉલાકા ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સમિતિના અધ્યક્ષ છે.

ભાજપ સાંસદ નિશિકાંત દુબેને સંદેશાવ્યવહાર અને માહિતી ટેક્નોલોજી સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ સમિતિઓનો કાર્યકાળ ગયા મહિનાની 26મી તારીખે શરૂ થયો હતો.

# WB - POLL CAMPAIGN

નંદીગ્રામ અને રેજીનગર વિધાનસભા પેટાચૂંટણી માટે પ્રચારનો આજે છેલ્લો દિવસ છે. મતદાન છઠ્ઠી ઓક્ટોબર, મંગળવારના રોજ યોજાશે. મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી આજે નંદીગ્રામમાં ભાજપના ઉમેદવાર હસી રાની રથના સમર્થનમાં અનેક કાર્યક્રમોમાં ભાગ લેશે. રેજીનગરમાં મુખ્ય રાજકીય પક્ષો મુસ્લિમ બહુમતીવાળી બેઠકના મતદારો સુધી પહોંચવા માટે અંતિમ પ્રયાસ કરી રહ્યા છે.

શાંતિપૂર્ણ મતદાન માટે કેન્દ્રીય દળો બંને મતવિસ્તારમાં પહોંચી રહ્યાં છે. મતદાન પહેલા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ અને કેન્દ્રીય દળના જવાનોએ ગામડાઓમાં રૂટ માર્ચ શરૂ કરી છે.

# MEA – PAKISTAN

વિદેશ મંત્રાલયે પાકિસ્તાન ઉચ્ચાયોગના કાર્યકારી પ્રભારીને સમન્સ પાઠવ્યા છે. પાકિસ્તાન તરફથી ચાલી રહેલી ગેરકાયદેસર ઘૂસણખોરી અંગે ભારતે કડક વિરોધ નોંધાવ્યો છે. પંજાબના ફિરોઝપુર સેક્ટરમાં શુક્રવારની ઘટના અંગે પાકિસ્તાનના આરોપોને પણ ભારતે પાયાવિહોણા ગણાવ્યા છે.

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર ત્રણ વ્યક્તિઓ પાકિસ્તાનથી ભારતીય સરહદમાં પ્રવેશ્યા હતા. સરહદ સુરક્ષા દળ BSFએ તેમને વારંવાર પાછા ફરવાની ચેતવણી આપી હતી, પરંતુ તેઓ સરહદી વાડ તરફ આગળ વધતા રહ્યા ત્યારે BSF એ તેમની સામે કાર્યવાહી કરવી પડી હતી.

ભારતે જણાવ્યું હતું કે આવી ઘટનાઓ પાકિસ્તાન તરફથી સતત ઘૂસણખોરી અને દાણચોરીને પ્રતિબિંબિત કરે છે. ભારતે પાકિસ્તાનને આ ઘટનાઓ અને ડ્રગ્સની દાણચોરીની તપાસ કરવા અને તેના સરહદી સુરક્ષા દળોની ભૂમિકા પર કાર્યવાહી કરવા જણાવ્યું છે.

પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સરહદનું સન્માન કરવા અને તેની બાજુથી ગેરકાયદેસર હિલચાલ અટકાવવા માટે અસરકારક પગલાં લેવા પણ જણાવવામાં આવ્યું છે.

# DAY PM SETU

પ્રધાનમંત્રીની અપગ્રેડેડ ITIs (PM-SETU) દ્વારા કૌશલ્ય અને રોજગાર ક્ષમતા પરિવર્તન પહેલને આજે એક વર્ષ પૂર્ણ થયું. કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલયની PM-SETU યોજના ગયા વર્ષે 4 ઓક્ટોબરના રોજ શરૂ કરાઇ હતી. આ પહેલનો ઉદ્દેશ્ય ઉદ્યોગ-સંચાલિત શાસનને મજબૂત બનાવવા, તાલીમ માળખાને અપગ્રેડ કરવાનો અને બદલાતી કાર્યબળ જરૂરિયાતોને પહોંચી વળવા માંગ-સંચાલિત અભ્યાસક્રમોને પ્રોત્સાહન આપવાનો છે.

# CENTRE - CLASSICAL LANGUAGES

શિક્ષણ મંત્રાલયે શાસ્ત્રીય ભાષાઓના અભ્યાસ માટે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં પાંચ શ્રેષ્ઠતા કેન્દ્રોની સ્થાપનાને મંજૂરી આપી છે. ઉચ્ચ શિક્ષણ વિભાગ અનુસાર આ કેન્દ્રો શાસ્ત્રીય આસામી, શાસ્ત્રીય બંગાળી, શાસ્ત્રીય મરાઠી, શાસ્ત્રીય પાલી અને શાસ્ત્રીય પ્રાકૃતના અભ્યાસ માટે સમર્પિત હશે.

# US- VIKSIT BHARAT UNITY RUN

અમેરિકામાં, ભારતીય દૂતાવાસ દ્વારા આયોજિત વિકસિત ભારત યુનિટી રન માટે વર્જિનિયાના ગ્રેવલી પોઇન્ટ પાર્ક ખાતે મોટી સંખ્યામાં ભારતીય અમેરિકનો એકઠા થયા હતા. આ કાર્યક્રમમાં દોડ, યોગ અને ધ્યાનને ફિટનેસ અને સામાજીક સહભાગીતાના સંદેશ સાથે જોડવામાં આવ્યું હતું.

વોશિંગ્ટનની બહાર અને પોટોમેક નદીની નજીક આયોજિત આ કાર્યક્રમમાં ભારતીય ડાયસ્પોરાના સભ્યો અને અન્ય લોકોને ફિટનેસ અને એકતાને ઉજાગર કરતી પહેલના ભાગ રૂપે એકસાથે લાવવામાં આવ્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2019 માં ફિટ ઇન્ડિયા ચળવળની શરૂઆત એક રાષ્ટ્રીય ઝુંબેશ તરીકે કરી હતી જેનો હેતુ ભારતીયોને તેમના રોજિંદા જીવનનો ભાગ બનાવવા માટે શારીરિક પ્રવૃત્તિ અને રમતગમતને પ્રોત્સાહિત કરવાનો હતો.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SEVA SANKALP CAPSULES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જાહેર સેવામાં પોતાના 25 વર્ષ પૂર્ણ કરી રહ્યા છે, જે તેમના "જન સેવા થી દેશ સેવા" ના મંત્ર અને અવિરત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. સરકાર આ સેવા અને સુશાસનના વિઝન સાથે 2047સુધીમાં 'વિકસિત ભારત' ના લક્ષ્યની દિશામા કામ કરી રહી છે.

અમારી આ વિશેષ શ્રેણીમા આજે વાત કરીશું આસામના ગુવાહાટીમાં આવેલા ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના આધુનિકીકરણની, જે ઉત્તર-પૂર્વ ભારતને એક મુખ્ય વૈશ્વિક માર્ગ બનાવી રહ્યું છે.

## VOICE CAST: RIDDHI UNDHAD

*(આસામનુ ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથક હવે માત્ર પ્રાદેશિક પરિવહન કેન્દ્ર નથી રહ્યું, પરંતુ તે ઉત્તર-પૂર્વ ભારતમાં આર્થિક અને સાંસ્કૃતિક ક્રાંતિ લાવનારૂં મુખ્ય વૈશ્વિક પ્રવેશદ્વાર બની ગયું છે.*

*કેન્દ્ર સરકારની 'એક્ટ ઈસ્ટ' નીતિ અંતર્ગત પ્રકૃતિથી પ્રેરિત એક વિશાળ અને આધુનિક 'ઇન્ટિગ્રેટેડ ટર્મિનલ ૨' બનાવવામાં આવ્યું છે.પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૦ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ આ ટર્મિનલનું સત્તાવાર ઉદ્ઘાટન કર્યું હતું અને ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ થી વાણિજ્યિક કામગીરી માટે ખુલ્લું મૂકવામાં આવ્યું*

*આ નવું ટર્મિનલ હવે વાર્ષિક ૧.૩ કરોડ થી વધુ મુસાફરો ની અવરજવરને સરળતાથી સંભાળી શકે છે, જેનાથી જૂના ટર્મિનલ પરનો ટ્રાફિક હળવો થયો છે.ઉદ્ઘાટન દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આવી માળખાકીય સુવિધાઓથી દેશના યુવાનો માટે પ્રગતિની નવી તકો ઊભી થાય છે.*

*બાઇટ:- પીએમ મોદી*

*દક્ષિણ-પૂર્વ એશિયાના મુખ્ય કેન્દ્ર સ્થાને આવેલું હોવાને કારણે આ આધુનિક એરપોર્ટ બેંગકોક, પારો અને સિંગાપોર જેવા મુખ્ય સ્થળો માટે સીધા અને સરળ હવાઈ માર્ગો ખોલે છે.જેનાથી આસામ ભારતનું પૂર્વ તરફનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું છે. રિધ્ધિ ઉંધાડ આકાશવાણી સમાચાર અમદાવાદ)*

# YEMEN - HOUTHI STRIKE

યમને સાદાના હુથી-નિયંત્રિત સના અને વિસ્તારો પર હુમલાઓની પુષ્ટિ કરી છે. હુથી બળવાખોર જૂથે રિયાધમાં સાઉદી અરેબિયાની અરામકો તેલ કંપનીને નિશાન બનાવીને મિસાઇલ અને ડ્રોન હુમલા કર્યાનો દાવો કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે. આ ઘટનાથી ફરી એકવાર તણાવ વધ્યો છે અને બંને પક્ષોએ એકબીજા સામે લશ્કરી કાર્યવાહીનો દાવો કર્યો છે. યમનના સૈન્ય પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે સેના હુથી-નિયંત્રિત વિસ્તારો પર હુમલો કરી રહી છે. ઉપરાંત, હુથી લશ્કરી પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ હુમલો સના અને તેના નિયંત્રણ હેઠળના અન્ય વિસ્તારોમાં સાઉદી અરેબિયાની કાર્યવાહીના જવાબમાં કરવામાં આવ્યો હતો. જૂથે દાવો કર્યો હતો કે આ કાર્યવાહી તેના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવામાં સફળ રહી હતી.

# DAY ASIAN GAMES - CLOSING

આઈચી-નાગોયા એશિયન ગેમ્સ 2026 આજે પૂર્ણ થવા જઈ રહી છે, જેમાં બે અઠવાડિયાથી વધુ સમયની રોમાંચક રમતગમત પૂરી થઇ છે. ભારતે 20મી એશિયન ગેમ્સમાં પ્રભાવશાળી પ્રદર્શન કર્યું છે, જેમાં 21 ગોલ્ડ, 27 સિલ્વર અને 37 બ્રોન્ઝ સહિત 85 મેડલ સાથે કુલ મેડલ સ્ટેન્ડિંગમાં ચોથું સ્થાન મેળવ્યું છે.

રમતોનો સમાપન સમારોહ જાપાનના નાગોયાના પાલોમા મિઝુહો સ્ટેડિયમ ખાતે યોજાશે. આ કાર્યક્રમ ભારતીય સમય મુજબ બપોરે 2:30 વાગ્યે શરૂ થવાનો છે. સમાપન સમારોહ માટે ભારતની મહિલા ધ્વજવાહક શૂટિંગ સ્ટાર નીરુ ઢાંડા રહેશે, જે નાગોયામાં ગર્વથી ત્રિરંગો ધારણ કરશે. સમારોહમાં પરંપરાગત સમાપન કાર્યવાહી યોજાશે, જેમાં ખેલાડીઓની પરેડ અને દોહા 2030 આયોજન સમિતિને ઔપચારિક સોંપણી કરાશે.

# PM WISHES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એશિયન ગેમ્સમાં મહિલાઓની 53 કિલોગ્રામ ફ્રી સ્ટાઇલ રેસલિંગ સ્પર્ધામાં રજત ચંદ્રક જીતવા બદલ કુસ્તીબાજ અંતિમ પંઘાલને અભિનંદન પાઠવ્યા. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે તેમની સિદ્ધિ અન્ય ખેલાડીઓને પ્રેરણા આપશે.

શ્રી મોદીએ અદિતિ અશોક, પ્રણવી શરથ ઉર્સ અને દીક્ષા ડાગરની ભારતીય મહિલા ગોલ્ફ ટીમને પણ રજત ચંદ્રક જીતવા બદલ અભિનંદન પાઠવ્યા. પીએમ મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં રમત પ્રત્યેના તેમના દૃઢ નિશ્ચય અને જુસ્સાની પ્રશંસા કરી અને તેમની રમત કારકિર્દીમાં વધુ ઊંચાઈની શુભેચ્છા પાઠવી.